# જૈન સાહિત્ય અકાદમી ટ્રસ્ટ ,મુંબઈ

## જૈન તીર્થોની ભવ્ય ગાથા- વ્યાખ્યાન માળા

### વ્યાખ્યાન – ૧૧ - શ્રી હઠીસિંહ મંદિર નો શિલ્પ સ્થાપત્ય વૈભવ

વ્યાખ્યાતા- શ્રી નિસર્ગભાઈ આહિર
તારીખ – ૨૫/૦૨/૨૦૨૩

સંસ્કૃતિ કલા એ આપણી ઓળખ છે. સમગ્ર ભારતમાં ધર્મની રીતે, સંપ્રદાયની રીતે, વિવિધ પ્રકારની જ્ઞાતિઓ અને એના વૈવિધ્યને કારણે ભારત એક ખરા અર્થમાં વિવિધતામાં એકતા ધરાવે છે. ભારતમાં જે મહાન ચાર ધર્મ પાંગર્યા હિન્દુ જૈન બૌદ્ધ અને શિખ ધર્મ. આ ચારે ધર્મની પોતાની અલગ સાંસ્કૃતિક ઓળખ છે, એમાં જૈન ધર્મએ આપણે ત્યાં ખૂબ જ પ્રાચીન છે. એનું સાહિત્ય પણ ખૂબ જ સમૃદ્ધ છે વિશેષ કરીને ગુજરાત અને રાજસ્થાનમાં હવે સમગ્ર ભારત અને સમગ્ર વિશ્વમાં એના મૂળ રહ્યા છે. ગુજરાતે જૈન ધર્મને ખૂબ ખૂબ સથવારો આપ્યો છે અને એને કારણે જૈન ધર્મ પોતાનો પોતિકો જ ધર્મ હોય એના કોઈ વાડા પણ નથી રહ્યા કે આપણે ત્યાં કલા અને સંસ્કૃતિ વિકસિત થઈ છે. અમદાવાદમાં આવેલું હઠીસિંહ દેરાસર એ આપણું ખૂબ જ અગત્યનું મહત્વની સંસ્કૃતિક સંપદા છે. એના સ્થાપત્ય વિશે આપણે વાત કરીશું એપહેલા આપણી સંસ્કૃતિક ઘટમાળ ની વાત કરીએ.

આ મંદિરનું પ્રથમ દૂરદર્શન કરી પછી નિકટ દર્શન કરીએ. અમદાવાદમાં દિલ્હી દરવાજાની બહાર શાહીબાગ વિસ્તારમાં જતા આ મંદિર આવેલું છે. 1848 માં એનું બાંધકામ થયેલું એટલે ખાસું એવું જૂનું છે અગત્યનું એટલા માટે છે કે આપણે ત્યાં વચ્ચેનો એક ગાળો એવો ગયો 12 મી સદી થી લઈને એમાં આપણી ધાર્મિક પ્રવૃત્તિઓ કોઈકને કોઈ કારણસર અટકી પડી અને એમાં મંદિરના નિર્માણનું કાર્ય ઓછું થવા લાગ્યું પણ અમદાવાદના એક શ્રેષ્ઠી હઠીસિંહ પૈસા કમાવે કમાવ્યા અને સાથે સાથે એમને ધર્મમાં પણ ખૂબ ખૂબ શ્રદ્ધા હતી એટલે એમને વિક્રમ સંવત 1901 માં સંકલ્પ કર્યો કે ભવ્ય મંદિર મારે અમદાવાદમાં બંધાવવું. તેમણે બે

વર્ષના ટૂંકા ગાળામાં આ મંદિરનું નિર્માણ કર્યું. કમનસીબે આ મંદિરનું બાંધકામ ચાલતું હતું ત્યારે એમનું અવસાન થયું અને એમના ત્રીજા નંબરના ધર્મપત્ની હરકુંવર શેઠાણી, એમણે આ મંદિરને પૂર્ણ કર્યું અને આશરે 1 લાખ લોકો આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં જોડાયા. એ રીતે એક સ્ત્રી શક્તિ આટલા વર્ષો પૂર્વે ઈસવીસન 1850 ની આસપાસ સાંસ્કૃતિક અને રાજકીય રીતે કટોકટી વાળો કાળ હતો, ત્યારે આટલું કામ સફળતાપૂર્વક બહાર પાડ્યું.

કોઈપણ દેશ જે છે એની સાંસ્કૃતિક ધરોહર ખૂબ જ અગત્યની છે કોઈપણ મંદિરો શિલ્પ કે સ્થાપત્ય છે કલાકૃતિઓ છે એ દરેક પ્રજાની ગતિ છે એના પદ ચિહ્નો છે. મંદિરો એ આપણી શાખ પુરે છે કે આપણી રસિકતા કેવી છે આપણી ધર્મ પ્રત્યેની શ્રદ્ધા શું હતી? ભાવના શું હતી એની શાખ પૂરે છે ત્યારે આપણે પ્રાચીન મંદિરો જોઈએ છીએ. એ કોઈ પણ ધર્મ ના હોય ત્યારે આપણને આપણા પૂર્વજો માટે ખૂબ જ માન થાય છે. મંદિર જે છે શ્રદ્ધાનું કેન્દ્ર છે. કલા અને સંસ્કૃતિમાં એનું મહત્વ છે જે ઘનીભૂત થતું હોય છે. આપણે જ્યારે મુકો મારતા હોઈએ છીએ ત્યારે આપણી શક્તિ આપણા મક્કામાં કેન્દ્રિત થાય છે, ત્યારે આપણે કોઈ નામ પર પણ પ્રહાર કરી શકીએ છીએ મંદિર એ આપણી શ્રદ્ધાનું એકત્રીકરણ થયેલું છે અને જે પણ ઉત્તમ છે એ બધું એ ભગવાનને અર્પણ એવી ભાવના દ્વારા આપણે મંદિરોનું નિર્માણ કર્યું છે. લોકો એટલે તો ખૂબ જ દાન આપે છે, ભાવથી જોડાય છે અને સતત ત્યાં પૂજન અર્જન મહોત્સવ થતા હોય છે પરિણામે મંદિર મંદિર એક માત્ર સ્થાપત્ય નથી બનતું, શિલ્પ નથી બનતું પણ એક લોકોને સામુહિક ચેતનાનું કેન્દ્ર બને છે .એમાં સાથે સાથે કલા પણ ઉમેરાય છે એટલે ચેતનાની સાથે કલા એ બંને સંયુક્ત થયા અને મંદિર સ્થાપિત થતું હોય છે એટલે હું એને સાંસ્કૃતિક આધાર સમાન ઓળખું છું અને હઠી સિંહનું જે દેરાસર છે એ આનંદ કુમાર જે આપણા બહુ મોટા વિવેચક છે એમણે કહ્યું છે કે નાગર શૈલીનું મંદિર જે છે અમદાવાદનું શ્રેષ્ઠ સ્થાપત્ય છે. રત્ન મણી રાવ જોટે તે નામના આપણા ઇતિહાસકાર જેમણે આ મંદિરને ઉત્તમ મંદિર સાથે સરખાવેલ છે.

મંદિરના સ્થાપત્ય અને એના અંગો વિશે જ આપણે જાણીએ જૈન ધર્મમાં મંદિરે જવાનું ખૂબ જ મહત્વ છે મંદિરમાં ન જવાય તો ઘરમાં જ્યાં મંદિર હોય ત્યાં કને પૂજન અર્ચન વગેરે કર્મ મંદિરમાં આપણે જોઈએ ત્યારે ગર્ભગૃહમાં રહેલી પ્રતિમા ઉપર જ આપણું ધ્યાન જતું હોય છે એ સાચું પણ છે પરંતુ ભારતીય સંસ્કૃતિમાં એ કોઈ પણ ધર્મમાં એમાં જે સૌંદર્ય છે, આનંદ છે,જે રસતત્વ છે  એ એક એક અંગમાં મૂકેલું છે. આપણે મંદિરમાં જઈએ એટલે સૌથી પહેલા મોટેભાગે તોરણ આવતું હોય છે અને તોરણના પણ અનેક પ્રકાર હોય છે. એ દ્વારા આપણે પ્રવેશ કરીએ ત્યારે જાણે કે નવી સૃષ્ટિમાં પ્રવેશ કરીએ છીએ. પછી સોપાન પદ આવે છે પણ એટલે પગથિયા પગથિયા નો ક્રમ હોય અને એ પગથિયા સુધી જવાનું છે આધાર સ્થંભ હોય છે એને જગતી કહેવાય છે. તો આ એના અંગો છે એને જાણી લઈએ જગતિ માંથી આપણે દાખલ થઈએ પછી મોટેભાગે મુખમંડપ આવે પછી મહામંડપ આવે અને પછી અંતરાલ આવે અને પછી ગર્ભ ગૃહ આવે એવો એક ક્રમ હોય છે અને જો મંદિર વિશાળ હોય તો એમાં સ્તંભ હોય છે. મંદિર નાનું હોય તો એમાં સ્તંભ નથી હોતા માત્ર એ મંડપ જે છે એમાં મહામંડપ જે દીવાલો છે એ જ એને આધાર આપતી હોય છે. એમાં બહાર જવા માટેના કક્ષાસન હોય છે અને ગવાક્ષ એટલે કે ગોખલાઓ પણ હોય છે. મંદિરને આપણે આ રીતે સમજી અંતરાલ એ જગ્યા છે જ્યાં મહામંડપ અને ગર્ભ ગૃહ ની વચ્ચે જ્યાં દર્શનાર્થી દર્શન કરે છે એ જગ્યા છે પણ જે ગર્ભ ગૃહ છે એ મંદિર અત્યંત સુંદર કોતરણી યુક્ત હોય છે, જેને દ્વાર કહે છે. જે ધર્મ છે એના પ્રતિકો રૂપ દ્વારા બાર શાક બનેલી હોય છે.  ગર્ભગૃહમાં સામાન્યતઃ એક દિવડો પ્રગટતો હોય અને ગર્ભ ગૃહમાં જે પ્રતિમા છે એના ઉપર જ ભક્ત પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે એ પ્રકારની યોજના હોય છે. એટલે બધા જ વિચારો આપણા બંધ થઈ જાય છે અને માત્ર વૈશ્વિક ચેતના છે, એના પ્રતિક રૂપ ભગવાન ની પ્રતિમા અને ભક્ત બંનેનું તાદાત્મ્ય થાય છે. એટલા માટે ગર્ભ ગૃહ છે એ આ પ્રકારનું એકાંત જળવાઈ અને એક ધ્યાન પણ સ્થાપિત થાય એવું રહેલું હોય છે. મંદિરની જે છત છે એને વિતાન કહેવાય છે અને જો એ મહામંડપ હોય તો એ વિતાન છે એના ઉપર સમોસરણ કહેવાય છે અને ગર્ભ ગૃહ જે છે એના ઉપર શિખર હોય છે. મુખ્ય શિખર ની નાની નાની આકૃતિઓ જેને શ્રુંગિકાઓ કહેવાય છે એનાથી બનતો હોય છે મંદિરના ઘર ગૃહ હોય એની ઉપર બનાવેલું શિખર હોય આમલખ હોય છેલ્લે  ધ્વજ

દંડ હોય એના પરથી ધજા ફરતી હોય. ધજા એ આપણી દુન્યવીની શ્રદ્ધા છે એની પ્રતીક છે. એનું વૈશ્વિક શ્રદ્ધા સાથેનું અનુસંધાન કેળવે છે એ સતત પવનમા ફરફરતી હોય છે. એ ચેતન તત્વ સાથે ઘણા બધા પ્રતિક  મંદિરના નિર્માણમાં સ્થાપિત થયેલા હોય છે મંદિરની બહારની દીવાલનો જે ભાગ છે માંડોવર કહે છે, એની જંઘા પણ કહેવાય છે. ભારતીય સંસ્કૃતિમાં મંદી ર ને એક પુરુષનું રૂપ આપવામાં આવે છે. જગા છે પાદ છે શિખર છે એ રીતના જે ના જે મુખ્ય ભાગ છે માણસના એની સાથે મંદિરને જોડવામાં આવ્યું છે. એ રીતે માનવનું આ રૂપ જે છે એને ભલે આપણે જડ કહીએ પણ એ ખરેખર તો વૈશ્વિક ચેતના સાથેનું આપણું અનુસંધાન કરે છે તો મંદિરને આપણે આ રીતે પણ ઓળખવું જોઈએ. એમાં અલંકરણ મોટેભાગે જે માંડોવર બહારનું જે ભાગ છે એમાં પુષ્કળ પ્રમાણમાં અલંકરણ થતું હોય છે.

ભારતીય શિલ્પ શાસ્ત્રને જોઈએ તો મંદિરના નિર્માણની પ્રક્રિયા અથવા તો મૂર્તિ વિધાન એટલે કે દરેક મૂર્તિ કેવી બનાવી એના એના વિશેનું જે અદભુત શાસ્ત્ર છે. એમાં સુંદરતમ ગ્રંથોનું સમાવેશ સમ્રાટ સૂત્રધાર છે માનશોલ્લાસ છે. ઘણા બધા ગ્રંથો છે એમાં મંદિરની રચના કઈ પ્રકારની કઈ પ્રકારની કરવી અને મંદિરના અંગો કયા પ્રકારના થર કરવા નરથર ગજથર ક્યા રીતના કરવા, કયા પ્રકારનું અલંકરણ હોય મંદિરમાં જે પ્રતિમાઓ છે તો એ પ્રતિમાઓ મોટેભાગે અષ્ટક દિગપાલની હોય, એમાં વિદ્યાધર ગાંધર્વ અપ્સરાઓ હોય, મંદિરના જે સ્તંભ છે એ કેટલા પ્રકારના હોય મોટેભાગે 52 પ્રકારના હોય. એવું આ અત્યંત સૂક્ષ્મ શાસ્ત્ર છે. મૂર્તિ વિધાન એટલે કે દરેક પ્રતિમાઓ કયા પ્રકારની છે બનાવી છે. જૈન ધર્મ છે તો એમાં જે પ્રકારે છે એ પ્રકારે મૂર્તિઓ કરવી. તીર્થંકરની જે મૂર્તિઓ છે એ પણ વિતરાગ છે એટલે એમાં જે રીતે હિન્દુ ધર્મના દેવદેવીઓ અલંકારથી સજ્જ હોય છે વસ્ત્ર અને વસ્તુઓની,આયુધોની વિવિધતા હોય, એમાં અલંકારથી શક્ય હોય પણ અહીં વિતરાગ હોવાને કારણે એક સુંદર અને શાંત પ્રતિમાનું નિર્માણ થતું હોય છે. આ પ્રતિમા માં બે પ્રકાર હોય છે આસનમાં અને આસન પર ઊભેલી. જૈન ધર્મના મુખ્ય શ્વેતાંબર અને દિગંબર એ બંને સંપ્રદાય છે. દિગંબર સંપ્રદાયમાં પ્રતિમાને વસ્ત્રો પહેરાવવામાં આવતા નથી શ્વેતાંબરમાં કચ્છ રૂપ વસ્ત્ર હોય છે વસ્ત્રનું આલેખન હોય છે. ભારતમાં તમામ ધર્મ સાથે ચાલ્યા છે આપણે ત્યાં ધર્મના તીવ્ર

એવા વાડા પણ નથી રહ્યા એક સંસ્કૃતિમાંથી બીજી સંસ્કૃતિ એક ધર્મ માંથી બીજા ધર્મમાં થઈ છે અવરજવર થઈ છે.

જૈન ધર્મમાં રામનો પણ સ્વીકાર છે અને કૃષ્ણનો પણ સ્વીકાર છે પણ પણ એ કથા આંશિક બદલાતી હોય છે. પણ એ રીતે ભારતીય શિલ્પ શાસ્ત્ર જે છે એનું સ્વીકાર છે એ જૈન ધર્મ માં થયું છે એટલે મંદિરની જે બાહ્ય રૂપરેખા છે તે મોટેભાગે સરખો છે શિલ્પાકંન માં ફેર છે.મંદિરના ગર્ભ ગૃહમાં છે જે તીર્થંકર હોય એની પ્રતિમા જુદી હોય એમાં મોટેભાગે જોવું છે ચોવીસ તીર્થંકર હોય અને મંદિરને ફરતે જે દેવકુલિકા કહે છે મોટેભાગે  તીર્થંકરો એમાં હોય છે. જૈન ધર્મ છે એના મંદિરો એટલા માટે વિશિષ્ટ પ્રકારના મનાય છે કે જાણે એક પ્રકાર એક મોટો ગઢ હોય એમાં મંદિર આવેલા હોય તો એ રીતે એ જરા જુદું પડે છે. આપણે ત્યાં પહેલાં ગુફાઓ હતી પહેલા ગુફામાંથી મંદિર થયા અને સપાટ મંદિર થયા પછી શિખરબંધ મંદિર થયા એમ મંદિરોનો ક્રમિક વિકાસ થયો છે. ભારતના મંદિરો જે છે એ મુખ્ય ત્રણ પ્રકારના મંદિરો છે નાગર શૈલી દ્રવેડી અને દ્રવિડી અને દક્ષિણ ભારતના જે મંદિરો છે એ દ્રવેડી શૈલીના મંદિરો છે ઓરિસ્સા અને પૂર્વોતર ભાગના મંદિરો સરસ શૈલીના છે વેસર શૈલીના છે. પશ્ચિમ ભારતના એટલે કે મધ્ય પ્રદેશ અને રાજસ્થાન ગુજરાતના મંદિરો નાગર શૈલીના છે. આપણે જે હઠીસિંહના મંદિર વિશે વાત કરવાની છે એ નાગર શૈલીનું મંદિર છે. જૈન શિલ્પની વિશેષતા જોઈએ તો હિન્દુ મંદિરો જે છે એમાં શિલ્પોનું ખાસું વૈવિધ્ય રહેલું છે જૈન મંદિરમાં એના પ્રમાણમાં વૈવિધ્ય ઓછું છે કારણ કે જૈનોના ઘણા દેવદેવી છે તીર્થંકરો દેવ દેવીઓ યક્ષ-યક્ષિ અપ્સરાઓ અને દીગ્પાલો એની પ્રતિમાઓ એમાં હોય છે. વિશેષ કરીને બહારનો જે મંડોવર હોય છે  જે ભાગ છે અને સ્તંભમાં સાલભાંજીકાના રૂપે એ બ્રેકેટનું કામ કરે છે. બીજી જે પ્રતિમાઓ છે એ અપ્સરાઓની છે યક્ષ યક્ષિ અષ્ટ પ્રતિહાર્ય 14 સ્વપ્નો જે આવેલા એ બધા એમાં એનું આલેખન થયેલું હોય છે.

હઠીસિંહ મંદિર વિશે આપણે માહિતી મેળવીએ તો આ મંદિર વિક્રમ સંવત 1901 માં શરૂઆત કરવામાં આવ્યો હતો અને બે વર્ષમાં એનો અંતિમ શલાકા મહોત્સવ યોજવામાં આવ્યો

અમદાવાદના ખૂબ જ આગળ પડતા શેઠ હતા. વ્યાપાર ખુબ જ હતો અને અમદાવાદના નગરશેઠ જે હતા એમની પુત્રીને તેઓ પરણેલા હતા. હઠીસિંહના પિતાનું નામ કેસરીસિંહ હતું અને માતાનું નામ શેઠાણી સુરજબેન હતું. એમનો જન્મ વિક્રમ સંવત 1852 ની સાલમાં થયો હતો. વિશિષ્ટ વ્યક્તિત્વને લીધે તેઓ રાજમાને અને પ્રજા મને બની શક્યા હતા મુંબઈના શાહ સોદાગર શેઠ શ્રી મોતી શાહ સાથે એમનો ઘનિષ્ઠ પ્રેમ સંબંધ હતો અને એમના વ્યાપારમાં સારો એવો વધારો થવા પામ્યો હતો ઉપરાંત તેમણે ચીન સાથેના અફીણ નિકાસમાં વેપારમાં અઢલક લક્ષ્મી સંપાદન કરી હતી અને દેશના જુદા જુદા સ્થાનોમાં અનેક પેઢીઓ ખોલી હતી. એકદમ સત્યનિષ્ઠ હતા તેઓ પોતાનું વચન કદી ઉઠાવતા નહીં અને એને કારણે વિદેશના જે વેપારીઓ છે એમનામાં શ્રદ્ધા મુકતા. પોતે ખૂબ ધાર્મિક હતા એટલા માટે એમણે આવું અપૂર્વ મંદિર બંધાવ્યું.

કેટલાક ધાર્મિક બંધનોને કારણે એક ચોક્કસ સમય માટે મંદિરોના નિર્માણનું કાર્ય ઓછું થઈ ગયું હતું મંદિર નિર્માણની પ્રક્રિયા ખૂબ ઓછી થઈ ગઈ હતી. ઉત્તમ શિલ્પકારો કે સલાટો આપણી પાસે રહ્યા નહોતા. મંદિરના નિર્માણની જે પ્રવૃત્તિઓ છે 12 મી સદીની પછી ક્રમશઃ ઓછી થઈ ગઈ હતી ત્યારે આ એ સમયમાં આવા ઉત્તમ સલાટ એમ શોધી કાઢ્યા હતા અત્યંત ભવ્ય સંકુલ છે. એમાં કેટલા બધા કલાકારો કારીગરો કયા હશે કે રોકાયા હશે કે બે વર્ષના ટૂંકા સમય ગાળામાં આ મંદિર તૈયાર થયું. એ જમાનામાં આશરે 12 લાખ રૂપિયા મોટી રકમ વાપરી અને આ મંદિરનું નિર્માણ કર્યું. એમના બે પત્નીઓ માંથી રુકમણી બેન અંધ હતા એ નગરશેઠના દીકરી હતા એમના નાના બેન પ્રસન્ન બેન સાથે લગ્ન કર્યા એમનું પણ ખૂબ જ ટૂંકું લગ્ન રહ્યું હતું પરિણામે તેમણે જેને આ મંદિર પૂર્ણ કર્યું એવા એમાંથી ત્રીજા પત્ની શેઠાણી હર કુંવર જી ગોગા ના વતની હતા. 13 વર્ષની નાની લગ્ન થયેલું. એમને વહીવટી દક્ષતા ખૂબ જ હતી એમના પતિ અને સાસુ નું અવસાન થયા પછી એવા કપડાં કાલમાં પણ ધર્મ કાર્યોમાં ખૂબ જ ધ્યાન આપ્યું એ પછી મોટી સંપત્તિ હોવાને કારણે એના પ્રશ્નો પણ વધારે હતા, એના નિરાકરણમાં કામ કર્યું એવા આ શેઠાણી ને આપણે વંદન કરીએ એ સમયમાં જ્યારે સાંસ્કૃતિક કટોકટી પોતે ભણેલા હતા ત્યારે પારિવારિક પ્રશ્નોનું નિરાકરણ

તો કર્યું પણ વિશ્વ પ્રસિદ્ધ એવું મંદિર પણ એ ત્યારે ખૂબ દૂર ગણાતું ત્યાં એક લાખ લોકોને નિમંત્રિત કર્યા અને ભવ્ય મહોત્સવ કર્યો. એટલું બધું કામ કર્યું કે અંગ્રેજ સરકારે 'સખાવતે બહાદુર'નું માનવતો ઈલ્કાબ આપ્યો હતો. પ્રતિભા ને બિરદાવી હતી. હઠીસિંહ નું કહેવાય મંદિર કહેવાય પણ એ પૂરું કરવા માટે મુખ્ય ફાળો શેઠાણી નો રહેલો છે. પત્રિકામાં એ સમયની ગુજરાતી ભાષા વિશે આપણે જાણી શકીએ છીએ.

હવે મંદિર સ્થાપત્ય વિશે વાત કરીએ તો આ મંદિરના બે પ્રવેશ દ્વાર છે. મંદિરના કોર્ટનું અને દાખલ થઈએ ત્યાં પ્રવેશ દ્વાર છે. આ ખૂબ જ સુંદર કામ છે. બાંધકામ અંગ્રેજોના સમયનું છે એ સમયમાં અમદાવાદમાં ખૂબ જ સ્થાપત્ય થયેલા હતા અને એ મોગલ સ્થાપત્ય કહેવાય છે મુસ્લિમ ધર્મમાં જીવંત વ્યક્તિ એ નું આલેખન નિષેધ રૂપ ગણાયું છે .ભૌમિતિક ડિઝાઇન એમાં ખૂબ વિકસી છે વેલ પત્તી વગેરે. તાજમહેલ માં જડાવ કામ થયેલું છે પથ્થરની કોતરીને એમાં કીમતી પથ્થર ઉપર અલગ અલગ અંગના વર્ક જેને ઈંગ્લે કહેવાય છે. એની અસર ગુજરાતના સ્થાપત્યો ઉપર પડી અમદાવાદમાં જે રીતે છે સીદી સૈયદની જાળી. એ રીતે અહીં ઉપર જોઈએ તો પથ્થરમાં એક પ્રકારની જાલિકા છે. એની બાજુમાં દેવ કુલિકા. એમાં કુલ 52 દેવ કુલીકાઓ છે. મંદિરની ફરતે આજુબાજુ કોર્ટમાં નાના નાના મંદિરો છે. એમાં 24 તીર્થંકરો વર્તમાન તીર્થંકર છે એમ અતિ તીર્થંકર પણ છે અને અનાગત તીર્થંકરો પણ છે તો મોટેભાગે આ દેવકુલીકાઓ જે છે એટલે કે મુખ્ય મંદિર સિવાયના જે મંદિરો છે એમાં મોટેભાગે ત્રણ પ્રતિમાઓ છે એક મુખ્ય હોય અને એની બાજુમાં બે નાની પ્રતિમાઓ હોય. કેટલાકમાં પાંચ પ્રતિમાઓ છે મોટાભાગે સફેદ આરસમાં રહેલી છે. એક બે પ્રતિમાઓ અહીં શ્યામ પથ્થરમાં પણ છે એક  કલરફુલ પથ્થરમાં પણ છે, પણ મોટેભાગે શ્વેત આરસપહાણમાં છે. તેના પરિસરમાં પ્રવેશ કરવા માટેનું પ્રવેશ દ્વાર છે કોતરણી ખૂબ જ સુંદર છે વલય યુક્ત સુંદર કોતરણી છે બંને તરફ અપ્સરાઓની પ્રતિમા છે જે સંગીત વાદ્યો વગાડી રહી છે આ મંદિરમાં ઓછું થયેલું છે. ભારતના ઘણા મંદિરોની અપેક્ષાએ માનું સૌંદર્ય પ્રમાણમાં ઓછું છે પ્રતિમા નું સૌંદર્ય પ્રમાણમાં ઓછું છે. હવે ભવ્ય મંદિરો મુંબઈ અમદાવાદ રાજસ્થાન માં જૈન મંદિરો અને સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરો બંધાઈ રહ્યા છે એટલે આ શિલ્પની કલા આખી

રિવાઇવલ થઈ રહી છે એ  જીવંત પણ નથી એમ નોંધનીય છે. આનું બેલેન્સ પણ અદભુત છે. શિલ્પ પણ અદભુત છે.

ભારત માં આર્કિટેક્ચર ના જે નીતિ નિયમો છે એ બહુ દૂર જતું નહોતું પરિણામે એક પરંપરા બધા હતી એટલે જાણીને આશ્ચર્ય થશે કે આટલા બધા ભૂકંપ આવે કુદરતી આફતો આવે તો આ મંદિર ટકી રહે છે ટકી રહે છે. મંદિરમાં નર અને માદાનું બંધ હોય છે સિમેન્ટ અને લોખંડનો ભાગ એ જ ઉપયોગ કરવામાં આવે છે એનું બંધ જ એવો હોય કે એકમાં બીજું ફિટ થઈ જાય. આટલા વર્ષ જૂના મંદિર પણ આપણી પાસે છે અને એ મંદિરોને કશું જ થયું નથી, જે ભારતીય કૌશલ્ય દર્શાવે છે. ઉપર ગવાક્ષ અને કક્ષા સન છે. આધાર મળે છે કોઈપણ જગ્યા આ શિલ્પીઓએ છોડી નથી એ આપણે અહીં જોઈ શકીએ છીએ. કક્ષાસન માં પ્રતિમા નું સ્થાપન કરવામાં આવે છે. પાછળ બરાબર દિવાલ હોય નીચે તોરણ જોઈ શકાય છે અને ઉપર જરુખો દેખાય છે. નીચે પણ ઝરૂખો છે સ્તંભ માં પણ અલંકરણ છે. તોરણમાં પણ શિલ્પના થર હોય છે .મંદિરની જે જગતી છે ભૂમિ છે તળ છે એ વચ્ચેનું જે ગાળો છે એમાં શિલ્પ સ્થાપત્ય પ્રમાણે નરથર ગજથર ભૂમિ પર પ્રકૃતિના જે તત્વો છે અશ્વથર વગેરેનું અલંકરણ થતું હોય છે. સામાન્ય રીતે જૈન મંદિરોમાં ફોટોગ્રાફી વર્જ્ય હોય છે. ભારતીય સંસ્કૃતિમાં જેટલા પણ મંદિરો છે એનું નિર્માણ પ્રાકૃતિક સૌંદર્યના સહારે થયેલું હોય છે. એ પર્વત ઉપર હોય શેત્રુંજય કે તારંગા જૈન મંદિરો સમેંત શિખર જંગલ સાથે જોડાયેલા હોય, નદી ના કિનારા ઉપર હોય કેટલાક સાગરના કિનારે પણ હોય છે. એ રીતે મંદિરોનું સૌંદર્ય પ્રકૃતિને પણ દિવ્ય લાગતું હોય છે અને એકાન્ત પણ જળવાતું હોય છે ને  જરૂરી છે કે દીર્ઘ દ્રષ્ટિ  છે આપણા વેદ નિરમાતાઓની શિલ્પીઓ અને સ્થપતિની. સ્થપતિ  માટે સૂત્રધાર શબ્દ છે. શિલ્પી માટે રુપકાર શબ્દ છે રૂપકાર શબ્દ છે રૂપકાર કે સૂત્રધાર શબ્દ જે છે એને સૃષ્ટિની સલામ કરવી પડે કે એમણે કેવી જગ્યાએ આવા સુંદર મંદિરોના નિર્માણ કર્યા છે. શિખરને જોઈએ એટલે તરત જ અનુસંધાન આકાશ સાથે થાય છે.

મંદિરમાં જઈએ ત્યારે દરેક સ્થળની એક ઊર્જા હોય ચેતના હોય છે એ મોટેભાગે લોકો ઓછી ફીલ કરતા હોય છે દર્શન માત્ર પ્રતિમાનું નથી હોતું દર્શન પણ દર્શન તો કણ કણમાં હોય છે વ્યાપેલ સૃષ્ટિમાં હોય છે લોકો આ ઉર્જાને મિસ કરે છે. આટલા બધા જ્યાં પવિત્ર પગલાઓ પડ્યા હોય દૂરથી યાત્રા શ્રદ્ધાથી આવતા હોય ત્યાં શ્રદ્ધા પણ ઘનીભૂત થયેલ હોય છે. આપણે પ્રતિમા ના દર્શન કરીએ ત્યારે પ્રતિમા પણ આપણું દર્શન કરતી હોય એવું ફિલ કરવાનું છે ત્યારે આંખો એટલી બધી પવિત્ર હોય ઓજસ્વી હોય છે. મંત્ર શક્તિ માં આપણે વાત કરીએ તોનમો અરીહ્તાનમ આ શબ્દ આ મંત્ર કેટલી વાર કેટલા મુખે બોલાયું હશે એટલે એની ઊર્જા અદભુત હોય છે. કોઈપણ સ્થળની મંદિરની એક ઉર્જા હોય છે એ ખરેખર કરવામાં આવે તો જ યાત્રા સફળ બને છે બાકી તો આવા ગમન થાય છે. આ કમાણ યુક્ત તોરણ છે. વડનગર નું કીર્તિ તોરણ કપડવંજનું તોરણ માત્ર અને માત્ર તોરણનું સ્થાપત્ય આપણે ત્યાં થયેલું છે મંદિર જૈન હોય કે હિન્દુ હોય એના જે સલાટો છે એ તો એક જ હતા. આપણે ત્યાં સોમપુરા સલાટો જે છે એ જ મોટેભાગે કામ કરતા હતા. એના મંદિરનું નિર્માણનું કાર્ય અલગ પ્રકારનું છે એને તેઓ ચુસ્તપણે પાળતા પણ હતા મોટેભાગે આ જે વર્ગ હતો એ એક કે બીજા મંદિરમાં આવેલા જ હતા એટલે પ્રથમ દ્રષ્ટિએ તો આ મંદિર આ ધર્મનું છે કે પહેલા ધર્મનું છે એ આપણે ના કહી શકીએ, એના જે શિલ્પ શાસ્ત્રના ગ્રંથો જે છે એમાં જૈન મંદિરના અલગ પ્રકરણ હિન્દુ ધર્મનો અલગ પ્રકરણ હોય અને એ રીતે ચાલતું હોય છે. દેવકુલીકાઓ માટે ખૂબ જ સરસ કામ કરેલું છે બેલેન્સ છે. તીર્થંકરની પ્રતિમા છે. ત્રણ પ્રકારની છે પ્રતિમાઓ ગર્ભગ્રુહમાં છે. પ્રતિમા 27 ઇંચ ની આરસની પ્રતિમા છે જે મુખ્ય છે અને એ 15 માં તીર્થંકર ધર્મનાથ ભગવાનની છે. એ કેન્દ્રમાં છે અને બંને બાજુમાં એકમાં આદેશ્વર ભગવાનની છે. આ મંદિર ત્રણ માળનું છે એના ભોયરામાં પણ બે પ્રતિમા છે શાંતિનાથજી અને ધર્મનાથજી એ નીચેના ભોયરામાં છે. ઉપરથી સવારે જ જવા દેવામાં આવે છે. ઉપર પણ પ્રતિમાઓ છે ખૂબ જ સુંદર પ્રતિમાઓ અહીં છે. દરેકે બાવને 52 મંદિરમાં ફરીએ તો તો લાગે કે આપણે તીર્થંકરોથી ઘેરાયેલા છીએ અને એમના આશીર્વાદ આપણી ઉપર વર્ષે છે દરેક આંખોનો અભિષેક શ્રદ્ધાથી થયેલો હોય છે એટલે એ જરૂરી છે.

હઠીસિંહ ની વાડીમાં અત્યારે ઘણું બધું છે,મ્યુઝીયમ  લાઇબ્રેરી ધર્મશાળા વગેરે છે. અંદરની જે દેવ કુલીકાઓ છે એમાં નાના નાના તોરણો એકબીજાથી જુદા પાડે છે એનું અત્યંત બેલેન્સ છે. એમાં એક દિવ્ય ભાવ દેખાય છે પથ્થરો પણ જાણે એક કવિતા કહેતા હોય છે એટલું જ નહીં પણ આપણને એ સ્તવન પણ સંભળાવતા હોય છે. અહીં ખૂબ જ સુંદર બેલેન્સ થયેલું છે. ગીત ગાયા પથ્થરોને એનો અનુભવ ખરેખર અહી થાય છે. બહારથી મંદિરના જે આ સ્તરો દેખાય છે પ્રતિમાઓ ઓછી દેખાય છે ભૂમિતિક ડિઝાઇન બહુ દેખાય છે અને આગળનું જે ઘુમ્મટ છે એ પણ મુસ્લિમ સ્થાપત્ય તેના પ્રભાવને પરિણામે આવેલું છે,સમોસરણ પણ બરાબર છે અને શિખર પણ બરાબર છે. ઉપર ના માળમાં ઘણી બધી પથ્થરની જાળીઓ છે એ બિલકુલ મોગલ સ્થાપત્યને કારણે છે. એ હિંદુ મંદિરમાં પણ ખૂબ છે શામળિયાજીમાં ગુજરાતના જે પ્રસિદ્ધ મંદિરો છે એમાં આ જોવા મળશે , જામાં મસ્જિદ કે સીદી સૈયદની જાળી છે એ પણ ખૂબ જ પ્રસિદ્ધ છે. સંસ્કૃતિ માં આવા ગમન સતત થતું રહ્યું છે. મૂળ જે મંદિરનું નિર્માણ હોય એ શાસ્ત્રને આધારિત હોય અને સાથે સાથે બીજા ધર્મની અસર પણ ઝિલેલી છે. એક પણ અંગ હોય એ શિલ્પંકન વગરનું ના હોય. આંખમાંથી બારશાકમાં શિલ્પાંકન છે અંદરના જે સ્તંભ છે એક ખુબ સરસ એવી કાચની હાંડી હો ત્યાં છે મંદિરની ઉપરની જે છત છે જેને વિતાન કહેવાય છે એમાં મોટેભાગે પદ્મશિલા હોય છે. જ્યારે આ મંદિરમાં કબૂતરોના માળા એ જાલીયો નેપૂરી દેવામાં આવી છે એટલે એનું સૌંદર્ય નરી આંખે જોઈ શકાતું નથી પદ્મા આકારની શીલા એટલે કે ઝુમ્મર આકારની હોય છે એ આબુના દેલવાડાના દેરાસરોમાં આપણને મળે છે મંદિરોમાં એકદમ સુંદર કામ થયેલું છે જે કામ અન્ય ક્યાય  પણ જોવા મળતું નથી. મીણથી જાણે કામ કરેલું હોઈ. શીલામાં પદ્મશિલામાં ઊંધું લટકતું કમળ હોય એવી સુંદર અલંકૃત ડિઝાઇન જોવા મળે છે જે અહીં એ દેખાતું નથી. એને આધાર આપવા માટે પૂતળીઓ શાલભાંજીકાઓ ત્રાસની ત્રાંસી આકારમાં હોય છે એ ટેકો પણ આપે અને સાથે સાથે સૌંદર્યનું પણ કામ કરે છે. અહીં સ્તંભ ઉપર આપણને બે પ્રતિમાઓ દેખાય છે. મંદિરમાં માં જઈએ ત્યારે આગળ ઘુમ્મટ મુસ્લિમ સ્થાપત્યના પ્રભાવના કારણે આવેલા છે. ઘુમટની પાછળ સમોસણ છે એ પારંપરિક મંદિરમાં હતા. એની પાછળ શિખર દેખાય છે. મંડપ પર સમવસરણ  હોય અને ગર્ભ ગૃહઉપર શિખર હોય છે. આગળ ગર્ભગૃહમાં ત્રણ પ્રતિમાઓ છે

એમાં શિખર આવેલા છે. ઉપરનો ભાગ આમ લખ કહેવાય છે. એની બાજુમાં ધ્વજ દંડ  અને કલશ હોય છે આમલખ ઉપર અને કળશ ની બાજુ માં ધજા દંડ હોય એમાં ધ્વજા ફરકતી હોય છે. ધ્વજ દંડ સામાન્ય રીતે પીતળ નો હોય છે.

આ મંદિરમાં પ્રવેશ કરતા રંગ મંડપમાં બંને બાજુ દરવાજા છે ત્યાં પણ તોરણ છે એ રીતે ગર્ભ ગૃહ માંથી પણ તમે બહાર જઈ શકો છો બંને બાજુથી એવી વ્યવસ્થા છે. ઉપર કક્ષાસન છે ત્યાં તમે દર્શન કરવા જાઓ ત્યાં થોડીવાર આરામ પણ કરી શકો છો અને ત્યાંના સૌંદર્યની માણી પણ શકો છો એ વ્યવસ્થા છે. બીજા મંદિરના પ્રમાણમાં  સ્તર ઓછા છે. હિંદુ મંદિરોમાં ખજૂરાહોના મંદિરો છે રાજા રાણીનું મંદિર છે ભુવનેશ્વર લિંગરાજ મંદિર છે કોણાર્ક મંદિર છે ત્યાં અત્યંત સુંદર શિલ્પો આવેલા છે. ગુજરાતમાં મોઢેરાનું જે મંદિર છે એ ખુબ જ સુંદર શિલ્પો છે. આધુનિક જે મંદિરો છે સોમનાથનું મંદિર 1956માં નિર્માણ થયેલું. સરદારભાઈ પટેલના સંકલ્પના અને કનૈયાલાલ મુનશી એ એમાં ખૂબ જ યોગદાન આપેલ છે અને એનું નિર્માણ થયેલ છે. દ્વારિકા નું જે મંદિર છે એ પ્રમાણમાં ઘણું જૂનું છે 15 મી સદીનું. સૌરાષ્ટ્રમાં ઘણા બધા જૂના મંદિરો છે સૌરાષ્ટ્રમાં જામનગર જિલ્લાના લાલપુર તાલુકામાં ગોપનામે ગામ છે ગામ ઝીણા વાળી છે એ ભારતનું સૌથી જૂનું શિખરબદ્ધ બૌદ્ધ મંદિર છે. આપણે ત્યાં બૌદ્ધ ચૈત્ય વંદન  છે આમાં બારીઓ તો નથી આ ગોપનું મંદિર એ ચોથી સદીનું મંદિર છે આ ગુજરાતનું ગૌરવ લેવા જેવું મંદિર છે.

ગુજરાતના કાંઠા ઉપર સૂર્યમંદિરો ઘણા બધા આવેલા છે ત્યાં હિન્દુ ધર્મમાં પંચરાત્ર પાંચ મુખ્ય ધર્મ મંદિરો હતા. શિવ શક્તિ સૂર્ય ગણપતિ અને વિષ્ણુ આ પાંચ ની પૂજા મુખ્ય ગણાતી એમાં સૌર સંપ્રદાય સૂર્યને માનનારા ના ઘણા મંદિરો મળે છે. ગુજરાત પાસે ખૂબ અદભુત અને સુંદર મંદિરો છે. જૈન મંદિરો પણ છે અમદાવાદનું શાંતિનાથજીના અત્યંત સુંદર છે પાટણનું મંદિર જિનાલય છે એ પણ સુંદર છે. ખંભાતનું મંદિર ના મંદિરો ગિરનારના મંદિરો તારંગા ના મંદિરો પાલીતાણા મંદિરો બધા ખૂબ જ સુંદર છે. બધા પર્વત  ઉપર આવેલા છે દેવ કુલીકાઓ ફરતે સ્તંભના તોરણ પર છે. તેમાં પ્રતિમા તો છે જ બાવને બાવન જીનાલાયમાં

પણ ફરતે જે કોર્ટ છે. પ્રવેશ કરો એટલે જમણી બાજુ ચાર દેવકુલિકાઓ છે બીજી 17 17 દેવકુલિકાઓ છે અને નવ દેવકુલિકાઓ છે કુલ 52 દેવકુલિકાઓ થાય છે. મંદિર સાથે દેવકુલિકાઓનું બેલેન્સ પણ ખુબ જ સુંદર છે.

ભારતમાં જે મંદિરો છે એ બધા તમામ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર રહ્યા છે તમામ કલાઓનું પણ કેન્દ્ર રહ્યા છે આપણી જે પાંચ લલિત કલાઓ કહીએ છીએ જેને ચારુ કલા પણ કહે છે.એ પાંચે પાંચ પ્રકારની કલાઓ આપણને એક સાથે અહીં જોવા મળે છે અને પ્રતિમા અને માંડોવરની પ્રતિમા શિલ્પ છે, મંદિર એ સ્થાપત્ય કલા છે, સ્તોત્ર એમાં ગવાતા સ્તોત્ર એ કે બીજું કંઈ એ સાહિત્યકલા, મંદિરમાં વારંવાર રંગોળી કે બીજી અન્ય કલાઓ અને ઘણા જૂના મંદિરોમાં અદભુત ચિત્રકલા પણ હતી, ધીરે ધીરે નાશ પામી રહી છે પણ ગુફા ચિત્રો અધરવાઇઝ મંદિરના વિતાનમાં કરવામાં આવતા ચિત્રો એક સુંદર પુસ્તક લખ્યું છે વાસુદેવ સ્મારતે જૈન મંદિરોની ચિત્રકલા વિશે ચિત્રકલા પણ ત્યાં છે. રંગોળી કરવામાં આવે તો એ પણ ચિત્રકળાનો એક ભાગ છે. શિલ્પ સ્થાપત્ય ચિત્ર સાહિત્ય આ બધી જ કલાઓ અને સંગીત કલા તો છે જ છે જ્યારે આપણે સ્તોત્ર ગાતા હોઈએ પાંચ થી પાંચ કલાઓ ત્યાં છે. પહેલા મંદિર એવા બનતા હતા કે એની આસપાસ નો જ પરિસર છે ત્યાં જીવન જરૂરિયાતની વસ્તુઓ પણ મળી રહે, મેળા ભરાય લોકો ત્યાં જ નૃત્ય થાય , જે પણ વિધિ થતી હોય ભગવનત મહારાજ ત્યાં આવે પ્રવચન પણ થાય એક મુખ્ય કેન્દ્ર છે. આપણી સંસ્કૃતિ અને જેટલા મંદિરો થાય એ બધા આપણી શ્રદ્ધાને વધારે ને વધારે વ્યાપક બનાવે છે એટલે દરેક ધર્મના આધાર સ્તંભો છે અને એમાં લોકોની સામૂહિક ચેતનાઓ જોડાયેલી હોય છે એમાં આવતા પરિવર્તનો બધું હોય છે. આ મંદિરમાં પ્રમાણમાં આધુનિક એવો વિજય સ્તંભ પણ આવેલ છે જે ૭૨ ફૂટ ઉંચો છે. મંદિરનું જે અંદરનો પરિસર છે એ 160 ફૂટ અને ૧૨૬ ફૂટ એટલું એનો ઘેરાવો છે મંદિરની બહાર સ્તંભ છે. એ પણ અંદર અત્યંત સુંદર છે આ કેમ સ્ટોન માંથી બનેલો છે રેતીય પથ્થરમાંથી બનેલો છે.

જૈન ધર્મનું શિલ્પવિધાન થોડું જુદા પ્રકારનું છે. મુખ્ય પ્રતિમા તીર્થંકરોની હોય એ તો વીતરાગી છે એટલે એ અલંકારનું યુક્ત નથી હોતા જેટલા હિન્દુ ધર્મમાં દેવી-દેવતાઓના આભૂષણ હોય એટલા નથી હોતા હિન્દુ ધર્મમાં જેમ અષ્ટ દિગપાલો હોય છે. આઠે આઠ દિશાઓના એ અહીં પણ છે. ખાસ તો અપ્સરાઓ કે સૂરસુંદરિયો દેવાંગનાઓ એના શિલ્પ એ હિંદુ અને જૈન ધર્મ બંનેમાં જોવા મળે છે એના અલગ અલગ પત્રલેખન કરતી જોવા મળે છે જાત જાતની ક્રિયાઓ એ લોકો કરતી હોય છે સંગીતના વાગ્યે વગાડતી હોય કે નૂપુર બાંધતી હોય એ રીતના શિલ્પ વિધાન એમાં છે આ શિલ્પ ના ભાવ મધુર છે પણ શિલ્પ કૃતિઓ ઓછી છે.

કુંભ નું મહત્વ જૈન ધર્મમાં ખૂબ જ છે. ભૌમિતિક આકૃતિઓ એમાં ખાસ કરીને tree of life એનું અદભુત શિલ્પાંકન જોવા મળે છે. રાણકપુર નું મંદિર ત્યાં કન્ટ્રી ઓફ લાઇફમાં સર્ચ કરશો તો મળશે જેવું સુંદર મંદિર  ક્યાય નહીં મળે. તીર્થંકરની જે મૂર્તિ હોય એમાં લાંછન હોય એના ઉપરથી એ  ઓળખાય છે બાકી તો બધા સરખા જ લાગે છે. એનો પરીકર જે હોય પ્રભાવલી અને પરીકર એ બંનેમાંથી કેટલાક ચિન્હો હોય છે એના આધારે તીર્થંકરની ઓળખ કરવામાં આવે છે. જે પથ્થરની જાળીઓ છે. એમાં બહારથી પ્રકાશ આવે ત્યારે આખી અલગ ડ્રામેટીકલ ડિઝાઇન ક્રિએટ કરે છે, પ્રકાશની એક રમત થાય છે. કેટલા બધા તત્વો નું વિચાર કરીને આનું નિર્માણ થતું હોય છે. આપણી પરંપરા એને પુષ્ટિ પણ આપી છે અને એને સિદ્ધ પણ કરી છે એટલે માત્ર કહેવા માટે નહીં એ પ્રકારની ઉત્તમ શિલ્પકલા શિલ્પી અને સલાટોની હતી.

1887 માં ગુજરાત સર્વ સંગ્રહ માંઆ મંદિર વિશે નર્મદા શંકરે કહેલું શહેર બહાર ઉતરેથી શરૂ કરતા દિલ્હી દરવાજાની પેલી પાર કેમ્પના રસ્તા ની જમણી મેર હઠીસિંહ નું દહેરુ છે એ ધર્મશાળા અને બંગલા સાથે 1848 માં 10 લાખની ખર્ચે બંધાઈ રહ્યું હતું. દહેરુ પ્રેમચંદ સલાટે શણગારની મોટામાં મોટી દોલતે પૂરું કીધું છે. કોતરકામ ઉતરતું છે શિલ્પ ધારી સ્વચ્છ નથી (આ એક કમ્પેરેટિવ છે કેમ કે મોઢેરાનું સૂર્યમંદિર રુદ્રમાળ નું મંદિર માં આ ઉતરતું લાગે છે પણ મારા પ્રમાણે એ બિલકુલ ઉતરતું નથી. જીવંતતા ખૂટે છે કારણ કે બે વર્ષના ગાળામાં

આટલું મોટું મંદિર ઉભું કરવું અને કેટલા બધા કારીગરો કામ કરતા હશે એમાં વોચ રાખનારા કેટલા બધા હશે અને કેટલા બધા લોકોની રાહબરી નીચે તૈયાર થયું હશે) પણ એનું કામ તવગર છે કે જે કાલ માં જૈન શિલ્પનો ઉત્કર્ષ હતો તે કાળના જેવું જ છે ને તે ઉપરથી જણાય છે કે હજુ પણ ગુજરાતમાંથી બાંધવાનું કે પથ્થર કાપવાનું હુનર ગયો નથી. દહેરામાં 52 ગોખલા છે ને એક એકમાંથી તીર્થંકરની કે કોઈ સાધુની આરસની મૂર્તિ છે દહેરામાં મુખ્ય મૂર્તિ ધર્મનાથની છે.

રત્ન રાવ જોડે પણ આ મંદિર વિશે કહે છે કે અમદાવાદનું ઉત્તમ મંદિર છે. રવિશંકર રાવળે પણ ખુબ સરસ લેખ લખ્યો છે એમાં સૂક્ષ્મથી સૂક્ષ્મ વિગતો આપેલી છે. વાંચવા જેવું છે ફર્ગ્યુશને અંગ્રેજીમાં લખ્યું છે,આ મંદિરને ખૂબ વધાવ્યું છે પણ રવી શંકર ગુજરાતના કલા ગુરુ છે સ્થાપત્ય ચિત્ર વિશે ઘણું બધું લખ્યું છે . તેઓ કહે છે કે અમદાવાદમાં શ્રેષ્ઠ દિવાલય છે.ગઈ સદીના પૂર્વ ભાગમાં એ બંધાયેલું છે પ્રાચીન રીત પ્રમાણે મંદિર બાંધનારા પરિવાર હયાત  છે તે આ મંદિર પરથી સિદ્ધ થાય છે પ્રેમચંદ સલાટે એની રચના કરી છે એ બંધાયું ત્યારે શિખર બંધ ડેરીઓના કોટ વચ્ચે ઘેરાયેલું સમગ્ર નિર્માણ ચારે પાસ થી હરિયાળી વચ્ચે ખરેખર દેવ નિવાસ સમાન લાગે છે. આ મંદિરની બાંધણી આટલી ઉત્તમ છતાં એમાં માનવ આકૃતિઓનું રૂપવિધાન પહેલા દરજ્જાનું ન ગણી શકાય. પાંચ પાંચ સદીઓથી આપણા શિલ્પીઓને મુસ્લિમ આદર્શોના કારણે રૂપકામ થી વિમુખ રહેવું પડ્યું હતું તેથી આકારમાં ઉપજેલી સંદિગ્ધતા અને નિશ્ચિચેતનતતા બહાર પડી આવે છે.ગૂઢમંડપનું સામરણુ (સંવરણ) અનેક કલશોનો બનેલો પ્રાચીન પ્રણાલીનો મેરુ છે. તેની ભૂમિતિ વ્યવસ્થા અને ચોકસાઈ જોઈ છક્ક થઈ જવાય છે. દરેક કામમાં ગણિત માપ સમજનાર શિલ્પીઓની સંખ્યા કેટલી હશે તેની કલ્પના કરવી રહી. ગૂઢમંડપનો મોટો ગુંબજ અંદરથી ૨૪ ફૂટના પરિધનો છતાં મુખ્ય પ્રતિમાના ગર્ભમંદિરોનાં પણ શિખરો તેનાથી વધારે ઊંચાઈ પર લીધાં છે. આથી દ્વાર આગળનાં પગથિયાંથી એક રેખા ત્યાં સુધી લંબાવીએ તો બીજી બધી રચનાઓ અનુક્રમે ઢાળમાં રહે છે. નીચે ઊતરી ગયા પછી પણ ચૌકમાંથી વિમાન જરૂખાને જુદીજુદી બાજુએથી જોતાં મંદિરને નવુંનવું આકર્ષણ મળે છે.

મંદિરના ચોકની ચારે બાજુની પરસાળના દરેક સ્તંભોના મથાળે એકેક નૃત્ય કે સંગીતની પૂતળી છે. તેમાં માત્ર કોઈ કોઈ કૌશલ્યપૂર્ણ હાથે નિર્માયેલી મનોહર હાવભાવવાળી કે સજીવતાભરી મળી આવે છે. ચકોર આંખને હલકું—ભારે કામ તારવતાં વાર લાગતી નથી. પરસાળમાં ફરતા સ્તંભોની હારવાળી લાંબી ચાલીમાં નજર કરતાં આહ્લાદકતા અનુભવાય છે. તેમાં ચાલતાં ચાલતાં પણ મંદિરની ચારે બાજુની શિલ્પ લીલા દેખાય છે.

આ સાથે મંદિરને જોવાની એક નવી દ્રષ્ટિ આપણને પ્રાપ્ત થઈ હશે

*************************************************************